**S.K.S. SWAMINARAYAN TEMPLE (LONDON) – BAL YUVAK MANDAL**

Westfield Lane, Kenton, Harrow, Middlesex, HA3 9EA Est. 1966 Charity Reg. No. 271034

Tel: 020 8909 9899 Fax: 020 8909 9897 Email: balmandal@sksst.org

## BADRIKASHRAM SABHA

It was early morning in the beautiful Badrikashram dham in the northern sky. Lord Nar and Narayan were sitting on the throne holding a sabha with superior Rushi's, Tapasvi's, Muni's, Intellectual Brahmin's and other religious devotees.

These Rushis had come to complain about the demons creating problems in their activities. To this, Lord Narayan was relaxing their minds. Everyone was listening to the Lord with his or her eyes keenly on him.

Suddenly the wind blew with a great force and Durvasha Rushi made his entrance into the Ashram. Standing behind the sabha he waited for a great welcome, but because the Lord was preaching and everyone was keenly listening to him no one noticed him. On seeing this, Durvasha Rushi became extremely angry and with his red-hot eyes he roared and gave a curse to the devotees. "Listen, each of you will have to take birth on the earth and face problems caused by the demons and rakshas there".

On hearing this Dharmadev and Bhaktimata, stood up and begged for apology. After much begging Durvasha Rushi calmed down and said that since the curse cannot be called back, he gave his word that the Lord will be with them on earth to face the demons. On saying this, Durvasha Rushi vanished.

After sometime, Lord Narayan meditated upon Lord Vishnu. After meditating, he said. "For the sake of your curse I will take birth on earth and save you all from the demons".

"THOU SHALL WORSHIP ME AND GET RELEASED FROM PROBLEMS"

## બદરિકાશ્રમમાં સભા

વહેલી પરોઢનો પહોર હતો. ઉત્તરના આકાશમાં સુંદર બદરિકાશ્રમ ધામ છે. નર અને નારાયણ સિંહાસન પર બેઠા છે. મોટા મોટા ઋષિઓ, તપસ્વીમુનિઓ, વિદ્વાન બ્રાહ્મણો અને મુકતો સભામાં વિરાજ્યા છે. ભારત ભૂમિમાં વ્યાપેલા અસુરોના ત્રાસની વાતો ઋષિઓ ભગવાનને કહે છે. ત્યારે નારાયણ ભગવાન સૌને સાંત્વના આપે છે. સભામાં બેઠેલા સૌ શાંતથી સાંભળે છે. બધાની નજર ભગવાન તરફ મંડાયેલી છે. બધાનું મન સાંભળવામાં પરોવાયેલું છે. તેવામાં અચાનક પવનનો સુસવાટો આવ્યો. દુર્વાસાઋષિ સભામાં પાછળ ઊભા રહયા. કોઈનું ઘ્યાન એ તરફ ન ગયું. પછી સ્વાગત તો થાય જ કયાંથી ! સૌના ચિત્ત કથામાં ચોટેલા હોવાથી કોઈએ પાછળ જોયું નહિ. ઘણો વખત વિતિ ગયો તોય ન કોઈ હાલે કે ન કોઈ ચાલે. તેથી દુર્વાસાઋષિ ગુસ્સાથી સમસમી ગયા. આંખો લાલઘૂમ કરીને મોટી ત્રાડો પાડી. ગુસ્સામાં ને ગુસ્સામાં શ્રાપ આપી બેઠા. *'જાઓ તમારે બધાએ પૃથ્વી પર જન્મ લેવો પડશે. ત્યાં અસુરો તથા રાક્ષસો તમને બહુ દુઃખ દેશે'*

આ સાંભળી ધર્મદેવ તથા ભકિતમાતા તરત જ ઉભા થયા. તેમણે દુવાસાને ખૂબ આજીજી કરી, ક્ષમા માંગી. અંતે દુર્વાસાનો ક્રોધ ચાલ્યો ગયો. મન પીગળી ગયુ. ધર્મદેવ ને ભકિતમાતાની વિનંતિ સાંભળીને કહયું, "મારો શ્રાપ પાછો નહિ ખેંચાય, પરંતુ તમને બચાવવા ભગવાન પણ પૃથ્વી ઉપર તમારી સાથે જન્મ લેશે. રાક્ષસોનો એ નાશ કરશે ને તમને સૌને દુઃખમાંથી ઉગારશે." એટલું કહી દુર્વાસાઋષિ અદ્રશ્ય થઈ ગયા.

થોડીવાર પછી નારાયણે, ઈષ્ટદેવ વાસુદેવ ભગવાનનું ઘ્યાન ધર્યું. ત્યારે તેમણે કહયું: "તમારો શ્રાપ ગ્રહણ કરી હું જન્મ લઈશ. કોઈ ગભરાશો નહિ. સૌને રાક્ષસોના પંજામાંથી છોડાવીશ. તમે સૌ મારું ભજન કરજો, હું તમને દુઃખમાંથી ઉગારીશ."

**S.K.S. SWAMINARAYAN TEMPLE (LONDON) – BAL YUVAK MANDAL**

Westfield Lane, Kenton, Harrow, Middlesex, HA3 9EA Est. 1966 Charity Reg. No. 271034

Tel: 020 8909 9899 Fax: 020 8909 9897 Email: balmandal@sksst.org

1. **Where was the sabha held and who were present in the sabha?**
2. **Imagine you are present in the Sabha and you hear some of the issues being addressed. Discuss in your group some of the issues being addressed and give some examples.**
3. **Who arrives at the sabha? (Team leaders should discuss why this Sage was so great)**
4. **What did the Sage do?**
5. **What did Nar-Narayan Dev do to relieve everyone from the Curse?**